# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-01-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-ગ્રામોત્થાન યોજના:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના ભાદરણ ખાતેથી “મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના”નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, આ યોજનાના પ્રથમ તબક્કામાં 114 ગામને આવરી લેવાશે. જ્યારે 10 હજારથી વધુની વસતિ ધરાવતી રાજ્યની તમામ ગ્રામ પંચાયત સુધી આ યોજનાના વ્યાપનો આગામી સમયમાં વિસ્તાર કરાશે. તેનાથી ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનો સમગ્ર અને સંતુલિત વિકાસનો સંકલ્પ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સાકાર થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

ઉપરાંત શ્રી પટેલે 663 કરોડના કુલ ખર્ચે નિર્માણ થનારી રાજ્યની બે હજાર 666 ગ્રામ પંચાયત માટે પોતિકા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસનું એકસાથે એક જ સ્થળેથી ઇ-ખાતમુહૂર્ત કર્યું. આ પહેલા મુખ્યમંત્રીએ ખંભાત શહેર અને આણંદ જિલ્લામાં 234 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

------------------------------------------------------------------------------------------

## નાયબમુખ્યમંત્રી-જુનાગઢ-મહાશિવરાત્રી મેળો:

ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સંતો અને વહીવટી તંત્ર સાથે બેઠક યોજી. તેમાં જુનાગઢમાં ગિરનારની તળેટીમાં યોજાનારા ભવનાથ મહાશિવરાત્રિના મેળાના સુચારુ આયોજન અંગે ચર્ચા કરી.બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સંઘવીએ આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને યાદગાર મેળો બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું,

આગામી 11 ફેબ્રુઆરીએ સૌપ્રથમ વખત અલૌકિક નગર પ્રવેશ સાથે નગરયાત્રા યોજાશે. તેમજ પવિત્ર નાગા સાધુઓની રવેડીનો માર્ગ વધારીને બે કિલોમીટર સુધીનો કરાશે.

ઉલ્લેખનીય છે કે, આગામી 11થી 15 ફેબ્રુઆરી સુધી ગિરનાર તળેટીમાં ભવનાથ મેળો યોજાશે.

---------------------------------------------------------------------------------

## ભારતીય રેલવે-LNG સંચાલિત ટ્રેન:

ભારતીય રેલવે દ્વારા અમદાવાદમાં દેશની પહેલી LNG એટલે કે, પ્રવાહીકૃત કુદરતી ગેસ સંચાલિત પેસેન્જર ટ્રેન તૈયાર કરવામાં આવી છે. તેના કારણે ડીઝલના ઉપયોગમાં 40 ટકા ઘટાડો થયો છે. તેમજ કાર્બન ઉત્સર્જન પણ ઘટાડાયું છે.

---------------------------------------------------------------------------------

## અંબાજી-51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ:

શક્તિપીઠ અંબાજી ખાતે ગઈકાલથી ત્રણ દિવસ “51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ”નો પ્રારંભ થતાં અંબાજી ગબ્બર “બોલ માડી અંબે જયજય અંબે”ના નાદથી ગૂંજી ઉઠ્યું છે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીએ આ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આ મહોત્સવથી ભક્તોને એક જ સ્થાને 51 શક્તિપીઠના દર્શનનો લ્હાવો મળશે.

---------------------------------------------------------------------------------

## કચ્છ-રાજ્યમંત્રી-ઝીંકડી ગામે શાળા ભવન લોકાર્પણ:

કચ્છ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનું સ્તર સુધારવા અને બાળકોને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા ભુજ તાલુકાના ઝીકડી ગામે રૂ.૧.૯૩ કરોડના ખર્ચે તૈયાર થયેલી આધુનિક માધ્યમિક શાળાના નૂતન ભવનનું ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.રાજ્યમંત્રીશ્રીએ બાળકો સાથે સ્માર્ટ ક્લાસરૂમ, કમ્પ્યૂટર

રૂમ અને સ્ટેમ લેબને ખુલ્લી મૂકી હતી. શિક્ષણ રાજ્યમંત્રીશ્રીએ વિજ્ઞાન પ્રયોગશાળા અને કોમ્પ્યુટર રૂમની રૂબરૂ મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

---

## ભગવાન વિશ્વ કર્મા-જયંતી:

આર્ય વાસ્તુ પરંપરાના પ્રથમ આચાર્ય અને દેવોના શિલ્પકાર ભગવાન વિશ્વ કર્માની જયંતિની આજે ઉજવણી કરવામાં આવી રહી છે. હિન્દુ પંચાંગ અનુસાર મહા સુદ  તેરસના દિને વિશ્વકર્મા જયંતિની ઉજવણી થાય છે. વાસ્તુ કલા શિલ્પ કલા અને સુથાર લુહારી કામ સાથે સંકળાયેલા કારીગરો તેની ઉજવણી કરે છે. તેઓ તેમના ઓજારોની પૂજા કરે છે.

---

## મોઢેશ્વરી માતાજી પાટોત્સવ:

આજે મોઢેશ્વરી માતાજીના પાટોત્સવની ઉજવણી થાય છે. ઉતર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં મોઢેરાનું સૂર્ય મંદિર જાણીતું છે. મોઢેરા ખાતે મોઢેશ્વરી એટલે માતંગી માતાજીનું મંદિર છે, જ્યાં પાટોત્સવની ઉજવણીનું વિશેષ મહત્વ છે.

---

## કચ્છ-ગાંધી કચ્છ યાત્રા શતાબ્દી ઉજવણી:

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની એક સદી પુર્વેની કચ્છ યાત્રા શતાબ્દીની ઉજવણીનું ગઈકાલે ગાંધીનિર્વાણ દિને આદિપુર ખાતેની ગાંધી સમાધિ ખાતે સમાપ્ત થયું.

આ અવસરે ગાંધી કચ્છ યાત્રા સમિતિના સંયોજક રમેશ સંઘવીએ જણાવ્યુ હતું કે ગાંધીજી કહેતા કે મારૂ જીવન એજ મારો સંદેશ છે. આ અવસરે સમાજના વિવિધ ક્ષેત્રના  અગ્રણીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા  હતા.

---

## ક્રિકેટ-ભારત/ન્યુઝીલેન્ડ T-20:

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચમી અને અંતિમ ટી-20 મેચ આજે તિરુઅનંતપૂરમ ખાતે રમાશે. પાંચ મેચની ત્રણ મેચ જીતી ભારતે શ્રેણી જીતી લીધી છે, જ્યારે ન્યુઝીલેન્ડની ટીમે એક મેચમાં વિજય મેળવ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-WPL-ગુજરાત જાયન્ટસ/મુંબઈ ઈલેવન:

મહિલા પ્રીમિયર લીગની 19 મી મેચમાં ગુજરાત જાયન્ટસની ટીમે મુંબઈ ઇલેવનની ટીમને 11 રને હરાવી પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. વડોદરા ખાતેની મેચમાં ગુજરાતની ટીમના 4 વિકેટે 167 રનના જવાબમાં મુંબઈની ટીમ 7 વિકેટે 156 રન કરી શકી હતી.

---------------------------------------------------------------------------------------------------